Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# મનરેગા યોજના અંતર્ગત રાષ્ટ્રીય સ્તરે પૂર્ણ થયેલ કામોનું વિશ્લેષણ (૨૦૧૨-૨૦૧૬)

જોશી મુકેશ પી.
પી.એચ.ડી,સ્ટુડન્ટ,મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી,સુરત,ગુજરાત.

**ટુંકસાર**:- મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર અધિનિયમ -૨૦૦૫ અન્વયે ગ્રામીણ વિસ્તારમાં રહેતા દરેક શ્રમિક કુટુંબને નાણાંકીય વર્ષમાં વધુમાં વધુ ૧૦૦ દિવસ રોજગારીની સાથે સાથે વ્યક્તિગત કે સામુદાયિક લોકો ઉપયોગી મિલ્કોતોનું નિર્માણ થાય તે માટે યોજનામાં વિવિધ અધિકારો નું ઘડતર કરેલ છે. જે તે ભૌગોલિક પરીસ્થિતિને આધીન દરેક શ્રમિકો પોતાના વ્યક્તિગત વિકાસ માટે જરૂરિયાત મુજબ કાયદામાં નિર્ધારિત અધિકારોનો ઉપયોગ કરતાં હોય છે. આ અધિકારોનો ઉપયોગ કરી પંચાયત સંસ્થાઓ દ્વારા ગ્રામ સભામાં મંજુર થયેલ દરેક કાર્યોના અમલીકરણની જવાબદારી હોય છે. રાષ્ટ્રીય સ્તરે વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ દરમ્યાન યોજના અંતર્ગત કાયદાની કલમ ન. ૪(૩) ,SCHEDUL-1 મુજબ વિભાજન થયેલ મુખ્યત્વે ચાર શ્રેણીનાં કુલ ૧૪ કામો કરવવામાં આવેલ છે જે પૈકી ક્યાં પ્રકારના કામો સૌથી વધુ થયેલ થયેલ છે તે જાણવાનો હેતુ પ્રસ્તુત અભ્યાસમાં સમાયેલ છે જેથી કાયદામાં નિર્ધારિત હેતુઓ મુજબ નું કામ થયેલ છે કે નહિ તેનો ખ્યાલ મળી રહે. પ્રસ્તુત સંશોધન થકી જાણવા મળેલ છે કે રાષ્ટ્રીય સ્તરે યોજના અંતગર્ત આયોજિત કુલ કામો પૈકી ફક્ત ૩૧% કામો પૂર્ણ કરવામાં આવેલ છે એટલે કે ૬૯% કામોનું આયોજન જે તે સ્થાનિક સ્તરે સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવ્યું હોવા છતાં અમલીકરણ એજન્સીઓ કામો પૂર્ણ કરી શકી નથી. ભારતનાં છ પ્રાદેશિક વિસ્તારોના પૂર્ણ થયેલ કુલ કામો પૈકી ૫૦% કે તેનાથી વધુ કામો ફક્ત એક અથવા બે રાજ્યોમાં થયેલ છે જયારે તે જ વિસ્તારમાં આવેલ અન્ય રાજ્યોમાં કામ પૂર્ણતાનો દર ઓછો જાણવા મળે છે. આ યોજના અંતર્ગત કુદરતી સંસાધનોની સાથે પર્યાવરણને જાણવી શકાય તેવા ગ્રામીણ કક્ષાએ વધુમાં વધુ સામુદાયિક કામો શક્ય છે પરંતુ વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ દરમ્યાન રાષ્ટ્રીય સ્તરે પૂર્ણ થયેલ કુલ કામોમાં વ્યક્તિગત કામો (૪૫%) વધારે થયેલા હોવાનું જાણવા મળે છે જેમાં મુખ્યત્વે ગ્રામિણ શોચાલય અને ગરીબ/વંચિત કુટુંબો કે જેઓ SC/ST/IAY/LR કેટેગરીમાં સામેલ હોય તેઓની જમીનમાં વ્યક્તિગત કે જુથમાં સિંચાઈની સુવિધાઓનાં કામોનો સમાવેશ થાય છે. હાલના તબક્કે યોજના અંતર્ગત પૂર્ણ થયેલ સઘળા કામોના એકમ (યુનિટ) આધારિત થયેલ કુલ નાણાંકીય વપરાશ અને રોજગારીનું સર્જન (માનવ દળ અને માનવશ્રમદિન) નો ત્રિપરીમાણીય અભ્યાસો થવો ખુબજ જરૂરી છે સાથે સાથે સ્થાનિક સ્તરે સહ સામાજિક ઓડીટ દ્વારા ગ્રામીણ કક્ષાએ યોજનાનો લાભ ક્યાં આર્થિક વર્ગના લોકો વધુ લઈ રહ્યા છે તે જાણવું ખુબજ રસપ્રદ બની રહશે. મનરેગા યોજના અંર્તગત કુલ આયોજિત કામોનાં અડધા કે તેનાથી ઓછા કામો ગ્રામ્ય કક્ષાએ પૂર્ણ કરવામાં આવે છે જેમાં વ્યક્તિગત અને માળખાકીય સુવિધાઓના કામોનું પ્રમાણ વધારે જોવા મળે છે તેમજ ગ્રામ સભામાં મંજુર થયેલ કામો શા

માટે સ્થાનિક ક્ષેત્રે શરુ કરવામાં આવતા નથી જે દરેક જીલ્લા સ્તરે ઉડાણ પૂર્વક સંશોધનનો વિષય બની રહે છે જેથી આવનાર સમયે કાયદાની કામ અમલીકરણ અને આયોજન પદ્ધતિઓમાં બદલાવ લાવી શકાય.

**મુખ્ય શબ્દો**:- મનરેગા,શ્રમિકો,અમલીકરણ એજન્સી,લોકભાગીદારી,વ્યક્તિગત અને સામુદાયિક કામો.

**પ્રસ્તાવના:-**

મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર અધિનિયમ -૨૦૦૫ અન્વયે ગ્રામીણ વિસ્તારમાં રહેતા દરેક શ્રમિક કુટુંબને નાણાંકીય વર્ષમાં વધુમાં વધુ ૧૦૦ દિવસ રોજગારી મળી રહે સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં વ્યક્તિગત કે સામુદાયિક લોકોપયોગી મિલ્કોતોનું નિર્માણ,જળસ્તર ઉચા લાવવા તથા પર્યાવરણની જાળવણી કરવામાં મદદ મળે તેવા કામોનું આયોજન સ્થાનિક સ્તરે થાય તે માટે યોજનામાં અધિકાર -૪ નું ઘડતર કરેલ છે.આ અધિકાર મુજબ જે તે ગામમાં વસવાટ કરતા લોકો ,સ્થાનિક અને તાલુકા પ્રસાસન તેમજ અન્ય ગ્રામીણ વિકાસ માટે કામ કરતા વિભાગો સાથે મળી જે તે ગ્રામ પંચાયતનું સહભાગી પ્રક્રિયા દ્વારા અગ્રતાના ક્રમે ટકાઉ વિકાસના કામોનું આયોજન કરે છે .આ આયોજિત કામને ગ્રામ સભામાં મંજુર કરી પંચાયત સ્તેર થી લઈ તાલુકા અને જીલ્લા કક્ષા સુધી મંજુર કરવામાં આવતું હોય છે. આ પ્રક્રિયામાં જે તે કામોની યાદી સાથે આ કામો માટે જરૂરી કુલ માનવશ્રમ દિવસ સાથેનું શ્રમ અંદાજપત્રક (Labour Budget) કાયદાની કલમ ૧૩ થી ૧૬ હેઠળની જોગવાઈ અનુસાર તૈયાર કરતા હોય છે જે એક અનિવાર્ય વાર્ષિક કાર્ય આયોજન દસ્તાવેજ છે જેમાં, આયોજન,મંજુરી,નાણાં સ્રોત અને પ્રોજેક્ટ અમલીકરણની પદ્ધતિનો સમાવેશ થાય છે.ગ્રામીણ સ્તેર આયોજિત થતા કામોમાં મુખત્વે કૃષિક્ષેત્રે સંકળાયેલ વ્યક્તિગત /સામુદાયિક કામો અને ગ્રામીણ માળખાકીય સુવિધાના સામુદાયિક કામો મુખ્યત્વે ધ્યાને લેવામાં આવે છે જેથી રોજગારી ની સાથે ટકાઉ અસ્કયામતો થકી નિરંતર આર્થિક વિકાસ થતો રહે. જીલ્લા સ્તરે થયેલ કુલ આયોજિત કામોનાં કુલ ખર્ચ પૈકી ઓછામાં ઓછો ૬૦ ટકા ખર્ચ જમીન,પાણીના સ્રોત અને વૃક્ષોના વિકાસ દ્વારા કૃષિ અને કૃષિ સંલગ્ન પ્રવુત્તિઓ સાથે સંકળાયેલ ઉત્પાદકીય અસ્કયામતોના સર્જન પાછળ જ થયેલ હોવો જોઈએ.આ સઘળી સંયોજિત આયોજન પ્રક્રિયા દરમ્યાન વ્યક્તિગત લાભાર્થીઓના જીવન નિર્વાહના વિકાસના કામોને અગ્રતા મળે તેની ચોક્કસાઈ જે તે સ્તરે જવાબદાર અમલીકરણ તંત્ર દ્વારા થવી જરૂરી છે.

**સાહિત્ય સારણી**:- ગ્રામીણ વિકાસ મંત્રાલય (૨૦૧૨) દ્વારા રજુ કરાયેલ Report to the people અહેવાલ મુજબ વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૨ ડીસેમ્બર અંતિત રાષ્ટ્રીય સ્તરે થયેલ કુલ કામો પૈકી લગભગ જમીન અને જળ સરંક્ષણનાં ૫૩ ટકા કામો થયેલ છે. મનરેગા સમીક્ષા અહેવાલ (૨૦૦૬-૨૦૧૨) મુજબ વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૨ સુધીમાં યોજના અંર્તગત કુલ ૧૪૬ લાખ કામોનું આયોજન ગ્રામીણ સ્તરે કરવામાં આવેલ હતુ જે પૈકી ૬૦ ટકા કામો પૂર્ણ થયેલ હતાં.પૂર્ણ થયેલ કુલ કામો પૈકી સૌથી વધુ ૨૫ ટકા કામો જળ સંગ્રહ અને સરક્ષણનાં થયેલ છે ત્યાર બાદ અનુક્રમે ૧૯% ગ્રામીણ રોડ રસ્તાનાં કામો ,૧૪% કામો પેરા-૫ મુજબ સિંચાઈ ની

સુવિધાનાં,૧૪% કામો મધ્યમ- લઘુ સિંચાઈ માટે નહેરો અને હયાત જળાશયોનું નવનીકરણનાં કામો,૧૩% કામો પુર નિયંત્રણ અને વનીકરણ અને વૃક્ષારોપણનાં કામો અને ૧૩% જમીન વિકાસનાં કામો કરવામાં આવેલ હતાં.ભાસ્કર,અમોદ શાહ,સુનીલ ગુપ્તા દ્વારા થયેલ અભ્યાસ મુજબ મનરેગા યોજના અંતર્ગત થતા કામોમાં જે વધારો થયો છે તે પર્યાવરણીય કે કુદરતી સંસાધનોના વ્યસ્થાપન ને લગતા કામો નથી.પરંતુ જે મટીરીયલ યુકત હોય તેવા કામો જેવા કે કુવા,શૌચાલય અને રોડના કામો વધારે થયા છે. અશોક પંકજ અને ભટ્ટાચાર્ય (૨૦૧૭) દ્વારા શ્રેણી B :- સામુદાયિક અથવા વ્યક્તિગત અસ્કયામતો દ્વારા ગ્રામીણ સમુદાય પર થયેલ સામજિક આર્થિક અસરોનાં અભ્યાસમાં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૪,૨૦૧૫ અને ૨૦૧૬ માં કુલ આયોજિત કામો પૈકી ૩૭.૮૦ % સામુદાયિક અથવા વ્યક્તિગત અસ્કયામતોનાં કામો નું આયોજન કરવામાં આવેલ હતું .કુલ ૧૯૪૦૦૨૪૩ બી શ્રેણીનાં કામો પૈકી ૨૯.૭૫% કામો પૂર્ણ થયેલ હતા,૪૩.૪૭% કામો કાર્યરત અને ૩૫.૭૭% કામો અમલીકરણ સંસ્થાઓ દ્વારા મંજુર કરાયેલ હતા પરતું કોઈ કારણોસર આ કામો શરુ કરવામાં આવેલ ન હતા. ઉપરોક્ત ત્રણ વર્ષમાં સૌથી વધુ આંધ્રપ્રદેશ,પશ્ચિમ બંગાળ, ઓડિસા,કર્ણાટક,સિક્કિમ,મધ્યપ્રદેશ,અને મિઝોરમ રાજ્યોમાં શ્રેણી-Bનાં કામો પૂર્ણ કરવામાં આવેલ હતાં.અભ્યાસ અંતર્ગત પસંદ કરાયેલ રાજસ્થાન ,ઉત્તરપ્રદેશ અને તમિલનાડુ રાજ્યોમાં શ્રેણી B અંતર્ગત પૂર્ણ થયેલ કામોની ટકાવારી અનુક્રમે ૩૧.૯૧,૨૧.૧૨ અને ૧૨.૯૯ જાણવા મળેલ હતી.જયારે રાજ્યોનાં આયોજિત કામો પૈકી કાર્યરત કામોનો દર સૌથી વધુ કર્ણાટક (૬૩,૨૫%) ત્યારબાદ રાજસ્થાન (૬૧.૯૮%) ઓડીશા (૬૦.૯૪%), પશ્ચિમબંગાળ (૫૯.૨૩%) અને મધ્યપ્રદેશમાં (૫૭.૫૦%) જાણવા મળેલ હતો.તેવીજ રીતે રાજ્યોનાં આયોજિત કામો પૈકી કાર્યરત ન થયેલ કામોનો દર સૌથી વધુ આસામ (૮૨.૨૧%),બિહાર (૮૦.૦૨%),મધ્યપ્રદેશ (૭૯.૧૧%) ઓરીસ્સા (૭૬%) અને પશ્ચિમ બંગાળ (૭૨.૧૨%) રાજ્યોમાં જોવા મળેલ હતો.

**<u>સંસોધન હેતુ, વિસ્તાર અને પદ્ધતિ</u>** :- મહાત્મા ગાંધી નરેગા કાયદા ના પરિશિષ્ટ ૧ ના પેરા નં ૪ માં કરેલ સ્પષ્ટતા મુજબ ભારતના પ્રાદેશિક વિસ્તારો અને તેમાં સમાવિષ્ટ રાજ્યોમાં વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ દરમ્યાન પૂર્ણ થયેલ કામોનો ખ્યાલ મેળવી રાષ્ટ્રીય સ્તરે આ ચાર વર્ષ દરમ્યાન મુખત્વે લોકભાગીદારી તેમજ પંચાયત સંસ્થાઓ દ્વારા આયોજિત અને અમલીકરણમાં ક્યાં પ્રકારના કામો થયેલ છે તે જાણવાનો હેતુ સમાયેલ છે.રાષ્ટ્રીય સ્તરે સંચાલિત ONLINE MIS સીસ્ટમમાં દરેક રાજ્યની યોજનાના પરિશિષ્ટ ૧ અનુસાર અમલીકરણ સંસ્થાઓ દ્વારા પૂર્ણ થયેલ કામોની વિગતો એકત્રિત કરવામાં આવે છે. અભ્યાસ અંર્તગત પસંદ કરાયેલ ઉપરોક્ત નાણાકીય વર્ષ અંતિત મનરેગા યોજના અંતર્ગત અમલીકરણ સંસ્થા દ્વારા રાજ્યવાર અંકિત થયેલ સઘળી માહિતીને પ્રાદેશિક વિસ્તાર પ્રમાણે વહેચણી કરી PIVOT TABLE દ્વારા ટકાવારી મેળવી અભ્યાસના હેતુ ને પરિપૂર્ણ કરવામાં આવેલ છે.

**<u>રાષ્ટ્રીય સ્તરે મનરેગા કાનુન અંર્તગત પૂર્ણ થયેલ કામોનું વિશ્લેષણ:-</u>**

યોજના અંતર્ગત કાયદાની કલમ ન. ૪(૩) ,SCHEDUL-1 મુજબ મુજબ વિભાજન થયેલ મુખ્યત્વે ચાર શ્રેણી માં કામોનું આયોજન દરેક યોજના અમલીકરણ સંસ્થા દ્વારા કરવામાં

આવે છે. (૧) શ્રેણી A – કુદરતી સંસાધનોના વ્યસ્થાપન અંગેના જાહેર કામો (૨) શ્રેણી B :- સામુદાયિક અથવા વ્યક્તિગત અસ્કયામતો (૩) શ્રેણી C :- ખેડૂત તેમજ મહિલાજૂથ દ્વારા આજીવિકા નાં નિર્માણ હેતુસર સામુહિક પ્રવુતિ માટે માળખાકીય સુવિધા (૪) શ્રેણી D:- ગ્રામીણ માળખાકીય સુવિધાના કામો.દર વર્ષે આયોજિત અને સંકલિત પ્રક્રીયા માટે માર્ગદર્શિકામાં સૂચિત સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ છે જેમાં વોર્ડ/ફળિયા દીઠ ૧૫ મી ઓગષ્ટથી આગામી વર્ષની આયોજન પ્રક્રિયા સહભાગી પદ્ધતિથી શરૂ કરવામાં આવે છે અને સમયાંતરે જરૂરી ગ્રામ સભા બોલાવી નક્કી કરેલ કામોની અગ્રતાને ધ્યાને રાખી ચર્ચા વિચારણા દ્વારા ગ્રામ સભામાં મંજુર કરી ૫ ડીસેમ્બર સુધીમાં એટલે કે લગભગ ૪ મહિના દરમ્યાન સ્થાનિક કક્ષાના વિકાસના કામોનું શ્રમિક અંદાજ પત્રક સાથે તાલુકા પંચાયત ને સુપ્રત કરવામાં આવે છે. તાલુકા પંચાયત દ્વારા દરેક ગ્રામ પંચાયતનાં વાર્ષિક આયોજિત કામો તેમજ તાલુકા સ્તરના સૂચિત કામોને સમાવિષ્ટ કરી ને દરેક તાલુકાનું કામો સાથેનું શ્રમિક અંદાજ પત્રક ૨૦ ડીસેમ્બર સુધીમાં જીલ્લા કક્ષાએ સુપ્રત થતું હોય છે.૩૧મી જાન્યુઆરી સુધીમાં જીલ્લાઓમાંથી આયોજન મેળવી રાજ્ય પોતાનું સંકલિત આયોજન ૧૫ ફેબ્રુઆરી સુધીમાં કેન્દ્ર સરકારને સુપ્રત કરતી હોય છે. ૩૧ માર્ચ સુધીમાં કેન્દ્ર દ્વારા ગ્રામ્ય થી રાજ્ય કક્ષા સુધીના મંજુર થયેલ કામો અને માનવ શ્રમ અંદાજ પત્રક સાથેનું આયોજન જેતે રાજ્ય,જીલ્લા તેમજ તાલુકા સ્તેર ગ્રામ પંચાયત ને પ્રાપ્ત થતું હોય છે.

**<u>ટેબલ ક્રમાંક:-૧.રાષ્ટ્રીય સ્તરે કુલ આયોજિત કામો પૈકી પૂર્ણ થયેલ કામો</u>**


| ક્રમાંક | વર્ષ | કુલ આયોજિત કામો | પૂર્ણ થયેલ કામો | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૧૦૪૬૩૦૦૦ | ૩૦૨૯૬૬૮ | ૨૮.૯૬ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૯૩૫૨૦૦૦ | ૨૫૯૨૧૫૧ | ૨૭.૭૨ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૯૭૬૫૦૦૦ | ૩૮૨૪૯૯૦ | ૩૯.૧૭ |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૧૨૩૧૨૦૦૦ | ૩૬૮૨૬૩૮ | ૨૯.૯૧ |
| કુલ | | ૪૧૮૯૨૦૦૦ | ૧૩૧૨૯૪૪૭ | ૩૧.૩૪ |

સ્રોત:-સંશોધકે મેળવેલ ગૌણ માહિતી પરથી કરેલ ગણતરી મુજબ


રાષ્ટ્રીય સ્તરે વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ દરમ્યાન કુલ ૩૧ રાજ્યોમાં મનરેગા યોજના અંતર્ગત ગ્રામ્યકક્ષાએ કુલ ૪,૧૮,૯૨,૦૦૦ કામોનું આયોજન કરવામાં આવેલ હતું જે પૈકી ૨૦૧૨ થી માર્ચ ૨૦૧૬ અંતે ૧,૩૧,૨૯,૪૪૭ કામો પૂર્ણ કરવામાં આવેલ છે જે કુલ આયોજિત કામના ૩૧.૨૪ ટકા જેટલા થાય છે. વર્ષ વાર આયોજિત કરેલ કામો પૈકી પૂર્ણ થયેલ કામોની વર્ષવાર ટકાવારી જોવામાં આવે તો સૌથી વધુ ૩૯.૧૭% કામો વર્ષ ૨૦૧૪-૧૫ માં પૂર્ણ કરવામાં આવેલ છે જયારે વર્ષ ૨૦૧૨-૧૩ ,૨૦૧૩-૧૪ અને ૨૦૧૫-૧૬ માં પૂર્ણ થયેલ કામોની ટકાવારી અનુક્રમે ૨૮.૯૬ ,૨૭.૭૨ અને ૨૯.૯૧ જેટલી જાણવા મળેલ છે.

યોજના અંતર્ગત પૂર્ણ થયેલ કુલ ૧,૩૧,૨૯,૪૪૭ કામોને ભારતની ભૌગોલીક પરિસ્થિતિ પ્રમાણે જોવામાં આવે તો સૌથી વધુ દક્ષિણ ભારતમાં સમાવિષ્ટ ૭ રાજ્યોમાં કુલ થયેલ કામોની ટકાવારી ૩૯.૮૬ જેટલી જાણવા મળેલ છે.તે પૈકી ૩૯ ટકા જેટલા કામો ફક્ત આન્ધ્રપ્રદેશ અને ૨૦ ટકા કામો કર્ણાટક રાજ્ય દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે બાકીના ૪ રાજ્યોમાં પૂર્ણ થયેલ કામોની ટકાવારી ૪૧ જેટલી હોવાનું માલુમ પડેલ છે.ત્યારબાદ બીજા ક્રમાંક પર રહેલ ઉતર ભારતના કુલ ૬ રાજ્યોમાં કામ પૂર્ણતાની ટકાવારી ૧૯.૭૭ છે તે પૈકી ૭૫ ટકા કામો ફક્ત ઉતર પ્રદેશ રાજ્ય દ્વારા પૂર્ણ થયેલ છે અન્ય ૫ રાજ્યોની ટકાવારી ૨૫ જેટલી હોવાનું માલુમ પડેલ છે .

**ચાર્ટ ક્રમાંક:૧. ૭ પ્રાદેશિક વિસ્તાર મુજબ પૂર્ણ થયેલ કુલ કામો**





**ચાર્ટ ક્રમાંક:૨.દક્ષિણ અને ઉત્તર ભારતમાં સમાવિષ્ટ ૧૩ રાજ્યોમાં પૂર્ણ થયેલ કુલ કામો**




ત્રીજા ક્રમાંક પર રહેલ પૂર્વ ભારતમાં ૧૫.૨૬ ટકા આયોજિત કામો ૫ રાજ્યોમાં પૂર્ણ કરવામાં આવેલ છે તે પૈકી ૪૯ ટકા કામો ફક્ત પશ્ચિમબંગાળ રાજ્ય દ્વારા પૂર્ણ થયેલ છે જયારે અન્ય ત્રણ રાજ્યોમાં કામ પૂર્ણતાની ટકાવારી ૫૧ રહેલ છે. જયારે અંડબારઅને નિકોબાર માં


નહીવત કામો થયેલા છે. મધ્ય ભારતમાં સમાવિષ્ટ કુલ બે રાજ્યોમાં ૧૨.૦૨ ટકા કામો પૂર્ણ થયેલ છે જેમાં મધ્ય પ્રદેશ રાજ્ય દ્વારા ૭૮ ટકા આયોજિત કામો પૂર્ણ કરવામાં આવેલ છે જયારે છતીસગઢ રાજ્ય માં આ ટકાવારી ૨૨ જેટલી છે જે  અન્ય રાજ્યોની સરખામણીમાં ઓછી હોવાનું માલુમ પડેલ છે.

ચાર્ટ ક્રમાંક:૩.પૂર્વ અને મધ્ય ભારતમાં સમાવિષ્ટ ૦૭ રાજ્યોમાં પૂર્ણ થયેલ કુલ કામો




પશ્ચિમ ભારતમાં સમાવિષ્ટ ૬ રાજ્યો માં કામ પૂર્ણતાની ટકાવારી ૮.૭૦ જેટલી જાણવા મળેલ છે જેમાં રાજસ્થાન અને મહારાષ્ટ્ર માં અનુક્રમે ૪૬ અને ૩૭ ટકા કામો ચાર વર્ષમાં પૂર્ણ કરવામાં આવેલ છે જયારે ગુજરાતમાં પૂર્ણ થયેલ કામોની ટકાવારી ફક્ત ૧૬ ટકા જેટલી જ છે અને ગોવા, દમણ અને દીવ તેમજ દાદરા નગર હવેલી માં નહીવત કામગીરી જાણવા મળેલ છે. ઉતર પૂર્વ ભારતમાં પૂર્ણ થયેલ કામોની ટકાવારી ભારતના અન્ય ભોગોલીક વિસ્તારની સરખામણીમાં સૌથી ઓછી ૪.૮૯ ટકા છે તે પૈકી ૬૮ ટકા કામો ફક્ત ત્રિપુરા અને ૧૪ ટકા કામો આસામ રાજ્યોમાં પૂર્ણ થયેલ છે બાકીના ૬ રાજ્યોમાં આ ટકાવારી ૧૮ જેટલી હોવાનું માલૂમ પડેલ છે.

ચાર્ટ ક્રમાંક:૩.પશ્ચિમ અને પૂર્વ ભારતમાં સમાવિષ્ટ ૧૧ રાજ્યોમાં પૂર્ણ થયેલ કુલ કામો



ગરીબોના જીવનનિર્વાહના સ્ત્રોતના પાયાને મજબુત કરવાના આશયથી નિર્ધારિત અને ટકાઉ ગુણવત્તા યુક્ત ઉત્પાદકીય અસ્કયામતોનું નિર્માણ કરવા મહાત્મા ગાંધી નરેગા કાયદા ના પરિશિષ્ટ ૧ ના પેરા નં 4 માં કરેલ સ્પષ્ટતા મુજબ ૧૪ પ્રકારના વિવિધ શ્રેણી અંતર્ગતના કામો કેન્દ્ર/રાજ્ય સરકારનું કોઈ પણ ખાતું/વિભાગ, જીલ્લા/તાલુકા/ગ્રામ પંચાયત, કે કેન્દ્ર/રાજ્ય સરકાર માન્ય સરકારી કે બિનસરકારી અધિકૃત સંસ્થાઓ/સંગઠનો અમલીકરણ એજન્સી તરીકે કામ કરતી હોય છે.રાષ્ટ્રીય સ્તરે વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ દરમ્યાન યોજના અંતર્ગત પૂર્ણ થયેલ જુદી જુદી ૧૪ પ્રકારની કામગીરી અંતર્ગર્ત કુલ ૧,૩૧,૨૯,૪૪૭ કામો પૈકી ૫૬ ટકા કામો કુદરતી સંસાધનોના વિકાસ માટે અને ૪૪ ટકા કામો માળખાકીય સુવિધા અંતર્ગત કરવામાં આવેલ છે જેમાં જૂથ - વ્યક્તિગત તેમજ સામુદાયિક કામોનો સમાવેશ થાય છે.

**(૧) ગ્રામિણ શોચલાય:-** ભારતમાં વર્ષ ૨૦૧૨ થી ૧૬ દરમ્યાન પૂર્ણ થયેલ કુલ કામો પૈકી સૌથી વધારે ૨૭.૩૮ ટકા જેટલી કામગીરી ગ્રામિણ શોચાયાલય અંતર્ગત કરવામાં આવેલ છે. જેમાં વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૫-૧૬ માં થયેલ કુલ કામો પૈકી આ કામની ટકાવારી સૌથી વધારે અનુક્રમે ૩૧.૨૬ અને ૩૯.૮૭ જેટલી હોવાનું માલુમ પડેલ છે.જેથી કહી શકાય આ ચાર વર્ષ દરમ્યાન યોજનામાં વ્યક્તિગત કામો વધુ થયેલ છે તેમજ રાષ્ટ્રીય સ્તરે સ્વચ્છ ભારત મિશનનાં (ગ્રામીણ) નેજા હેઠળ જે તે આયોજન અને અમલીકરણ સંસ્થાઓ દ્વારા પણ આ કામગીરીને પ્રાથમીકતા આપેલ હશે.**(૨) સિંચાઈની સુવિધાઓ (પેરા-૫ મુજબ):-** રાષ્ટ્રીય સ્તરે મનરેગા કાયદાના પેરા ૫ મુજબ ગરીબ/વંચિત કુટુંબો કે જેઓ SC/ST/IAY/LR કેટેગરીમાં સામેલ હોય તેઓની જમીનમાં વ્યક્તિગત કે જુથમાં સિંચાઈની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાય છે જે મુજબ વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ દરમ્યાન થયેલ કુલ કામગીરી ના ૧૭.૪૧ ટકા આ કામગીરી જાણવા મળેલ છે જે બીજા ક્રમાંક પરની કામગીરી છે . ચાર વર્ષ દરમ્યાન આ કામગીરી માં ઉત્તરોત્તર વધરો થયો હોવાનું જાણવા મળેલ છે વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં ૧૦ ટકા ત્યારબાદ ૨૦૧૫-૧૬ અને ૧૫-૧૬ માં અનુક્રમે ૧૮ અને ૨૭.૭૮ ટકા કામગીરી વ્યક્તિગત કે જુથમાં સિંચાઈની સુવિધાઓ અંતર્ગત થયેલ છે . ૨૦૧૨-૧૩ ની સરખામણીમાં વર્ષ ૨૦૧૫-૧૬ માં ૧૭ ટકા જેટલો વધારો જાણવા મળેલ છે.રાષ્ટ્રીય સ્તરે રહેલ બીજા ક્રમાંક પર ગરીબ/વંચિત કુટુંબો કે જેઓ SC/ST/IAY/LR કેટેગરીમાં હોય તેવા કુટુંબોને ત્યાં વ્યક્તિગત કામગીરી વધુ જોવા મળે છે.**(3) ગ્રામ્ય રોડ રસ્તાની કામગીરી:-** મનરેગા યોજના અંતર્ગત રાષ્ટ્રીય સ્તેર થયેલ કુલ કામોમાં ગ્રામિણ રોડ રસ્તાની કામગીરી ૧૪.૧૬ ટકા જાણવા મળેલ છે જે ચાર વર્ષમાં થયેલ કામગીરીમાં ત્રીજા સ્થાન પર છે વર્ષ ૨૦૧૨-૧૩ માં થયેલ કામગીરીમાં ગ્રામ્ય રસ્તની કામગીરી સૌથી વધારે ૧૭.૫૨ ટકા જાણવા મળેલ ત્યારબાદ ૫ ટકા ના ઘટાડા સાથે વર્ષ ૨૦૧૫-૧૬ માં ૧૨.૭૯ ટકા રોડ રસ્તાની કામગીરી થયેલ હતી**(૪) જળ સંરક્ષણ અને સંગ્રહ:-** વર્ષ ૨૦૧૨ થી ૧૬ દરમ્યાન કુલ ૧૨,૮૪,૬૮૭ કામો જળ સંરક્ષણ અને સંગ્રહ ના કરવામાં આવેલ છે જે ભારતના કુલ કામો પૈકી ૯.૮૭ ટકા જેટલા થાય છે અને રાષ્ટ્રીય સ્તરે યોજના અંતર્ગત ચોથા નબર પરની કામગીરી જાણવા મળેલ છે . વર્ષ ૨૦૧૨-૧૩ માં થયેલ કુલ કામોમાં આ કામગીરી ૧૬ ટકા સાથે પ્રથમ સ્થાને જાણવા મળેલ છે ત્યારબાદ દરેક વર્ષોમાં આ કામગીરી માં ઘટાડો નોધાયો હોવાનું માલુમ પડેલ છે જે વર્ષ

૨૦૧૫-૧૬ માં ૭.૮૩ ટકા જેટલી થયેલ છે જે વર્ષ ૨૦૧૨-૧૩ ની સરખામણીમાં તેની ટકાવારી અડધી જેટલી થઈ છે.**(૫) જમીન વિકાસની કામગીરી:-** રાષ્ટ્રીય સ્તરે ચાર વર્ષમાં કુલ ૧૨,૧૧,૭૩૪ જમીનવિકાસ ના કામો થયેલ છે જે કુલ કામો પૈકી નાં ૯.૨૩ ટકા થાય છે. વર્ષ ૨૦૧૨-૧૩ માં થયેલ કુલ કામોમાં આ કામની ટકાવારી ૧૧.૧૫ ટકા જાણવા મળેલ છે ત્યારબાદ આ કામગીરીની ટકાવારી કુલ કામોમાં ઘટતી જાય છે . **(૬) વનીકરણ અને વૃક્ષારોપણ:-** ભારતમાં વર્ષ ૨૦૧૨ થી ૧૬ દરમ્યાન પૂર્ણ થયેલ કુલ કામો પૈકી ૬.૯૬ ટકા જેટલી કામગીરી વનીકરણ અને વૃક્ષારોપણ અંતર્ગત કરવામાં આવેલ છે જે પૈકી વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૫-૧૬ માં થયેલ કુલ કામો પૈકી આ કામની ટકાવારી અનુક્રમે ૯.૯૭ અને ૭.૫૪ ટકા જેટલી હોવાનું માલુમ પડેલ છે.

**(૭) મધ્યમ અને લઘુ સિંચાઈ માટે નહેરો:-** વર્ષ ૨૦૧૨ થી ૧૬ દરમ્યાન રાષ્ટ્રીય કક્ષાએ પૂર્ણ થયેલ કુલ કામો પૈકી ૪.૭૧ ટકા જેટલી કામગીરી મધ્યમ અને લઘુ સિંચાઈ અંતર્ગત કરવામાં આવેલ છે જે પૈકી વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં થયેલ કુલ કામો પૈકી આ કામની ટકાવારી અનુક્રમે ૭.૩૭ અને ૬.૩૮ ટકા જેટલી હોવાનું માલુમ પડેલ છે. ત્યારબાદનાં વર્ષોમાં આ કામગીરીમાં લગભગ પચાસ ટકા ઘટાડો જાણવા મળેલ છે જે વર્ષ ૨૦૧૪-૧૫ માં ફક્ત ૨.૬૨ ટકા અને વર્ષ ૨૦૧૫-૧૬માં ૩.૨ ટકા કામો થયેલ છે.**(૮) હયાત જળાશયોનું નવનીકરણ:-** વર્ષ ૨૦૧૨ થી ૧૬ દરમ્યાન સમગ્ર ભારતમાં પૂર્ણ થયેલ કુલ કામો પૈકી ફક્ત ૪.૪૮ ટકા કામગીરી હયાત જળાશયોનું નવનીકરણ અંતર્ગત કરવામાં આવેલ છે જે પૈકી વર્ષ ૨૦૧૨-૧૩માં આ કામગરી અન્ય વર્ષની સરખામણીમાં સૌથી વધુ ૬ ટકા જેટલી જાણવા મળેલ છે ત્યારબાદના વર્ષોમાં આ કામગીરીમાં ઘટાડો જાણવા મળેલ છે વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં થયેલ કુલ કામો પૈકી આ કામની ટકાવારી અનુક્રમે 4.૧૭ અને ૩.૬૮ ટકા જેટલી હોવાનું માલુમ પડેલ છે. ત્યારબાદનાં વર્ષ ૨૦૧૫-૧૬માં આ કામગીરી નજીવા વધારા સાથે ૪.૨૮ ટકા જાણવા મળેલ છે.**(૯)પુર નિયંત્રણ:-** વર્ષ ૨૦૧૨ થી ૧૬ દરમ્યાન સમગ્ર ભારતમાં કુલ પૂર્ણ થયેલ કામો પૈકી ફક્ત ૩.૧૧ ટકા કામો પુર નિયંત્રણ અંતર્ગત કરવામાં આવેલ છે જે પૈકી વર્ષ ૨૦૧૨-૧૩ થી લઈ ૨૦૧૫-૧૬માં આ કામગરીની સરેરાશ ટકાવારી ફક્ત ૩ ટકા જેટલી જાણવા મળેલ છે જે અન્ય કામોની સરખામણીમાં સૌથી ઓછી છે. **(૧૦) અન્ય કામો:-** વર્ષ ૨૦૧૨ થી ૧૬ દરમ્યાન સમગ્ર ભારતમાં પૂર્ણ થયેલ કુલ કામો પૈકી ફક્ત ૨.૩૮ ટકા જેટલી કામગીરી અન્યકામો અંતર્ગત કરવામાં આવેલ છે જે પૈકી વર્ષ ૨૦૧૨-૧૩ થી લઈ ૨૦૧૫-૧૬માં આ કામગરીની સરેરાશ ટકાવારી ફક્ત ૨ ટકા જેટલી જાણવા મળેલ છે જે અન્ય કામોની સરખામણીમાં સૌથી ઓછી છે . ચાર વર્ષમાં થયેલ કુલ ૩,૧૨,૨૮૨ કામો અન્ય કામગીરી અંતર્ગત થયેલ છે.**(૧૧) ગ્રામ્ય પેયજલ:-** વર્ષ ૨૦૧૨ થી ૧૬ દરમ્યાન સમગ્ર ભારતમાં પૂર્ણ થયેલ કુલ કામો પૈકી ફક્ત ૦.૧૫ ટકા જેટલી કામગીરી ગ્રામ્યપેયજળ અંતર્ગત કરવામાં આવેલ છે. ચાર વર્ષમાં ફક્ત ૨૦,૨૭૮ કામો ગ્રામ્યપેયજળ અંતર્ગત થયેલ છે. **(૧૨) રાજીવગાંધી સેવા કેન્દ્ર:-** ભારતમાં પૂર્ણ થયેલ કુલ કામો પૈકી ફક્ત ૦.૧૨ ટકા જેટલી કામગીરી રાજીવગાંધી સેવા કેન્દ્ર અંતર્ગત કરવામાં આવેલ છે. ચાર વર્ષમાં ફક્ત ૧૬,૦૦૦ કામો રાજીવગાંધી સેવા કેન્દ્ર અંતર્ગત થયેલ છે. **(૧૩) મત્સ્ય ઉછેર:-** વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬માં થયેલ

કુલ કામો પૈકી ફક્ત ૦.૧૨ ટકા જેટલી કામગીરી મત્સ્યઉછેર અંતર્ગત કરવામાં આવેલ છે. ચાર વર્ષમાં ફક્ત ૧૫,૭૨૮ કામો થયેલ છે. **(૧૪) દરિયાઈ વિસ્તારનાં કામો:-** વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬માં થયેલ કુલ કામો પૈકી ફક્ત ૦.૦૧% જેટલી કામગીરી દરિયાઈ વિસ્તારના વિકાસ અંતર્ગત કરવામાં આવેલ છે જે અન્ય કામોની સરખામણીમાં નહીવત હોવાનું પ્રતિત થાય છે.આ ચાર વર્ષમાં ફક્ત ૬૮૭ કામો થયેલ છે.

**ટેબલ ક્રમાંક:-૩ રાષ્ટ્રીય સ્તરે વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ દરમ્યાન યોજના અંતંગત થયેલ કુલ કામો**

(કોલમ ટકાવારી)

| ક્રમ | પૂર્ણ થયેલ કામો (૨૦૧૨ થી ૨૦૧૬) | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગ્રામિણ શોચાલય | ૪૫૧૯૯૮ | ૮૧૦૩૭૫ | ૧૫૨૫૦૫૩ | ૮૦૭૧૯૭ | ૩૫૯૪૬૨૩ |
| | | ૧૪.૯૨ | ૩૧.૨૬ | **૩૯.૮૭** | ૨૧.૯૨ | ૨૭.૩૮ |
| ૨ | સિંચાઈ નીસુવિધા (પેરા-૫ મુજબ) | ૩૧૦૦૨૮ | ૨૬૧૧૬૯ | ૬૯૧૪૬૦ | ૧૦૨૩૦૮૩ | ૨૨૮૫૭૪૦ |
| | | ૧૦.૨૩ | ૧૦.૦૮ | ૧૮.૦૮ | **૨૭.૭૮** | ૧૭.૪૧ |
| ૩ | ગ્રામ્ય રોડ રસ્તા | ૫૩૩૯૦૨ | ૪૦૭૭૨૧ | ૪૪૬૩૬૮ | ૪૭૧૦૩૦ | ૧૮૫૯૦૨૧ |
| | | **૧૭.૬૨** | ૧૫.૭૩ | ૧૧.૬૭ | ૧૨.૭૯ | ૧૪.૧૬ |
| ૪ | જળ સંરક્ષણ અને સંગ્રહ | ૪૮૩૬૭૭ | ૨૩૫૧૫૭ | ૨૭૭૩૨૪ | ૨૮૮૫૨૯ | ૧૨૮૪૬૮૭ |
| | | **૧૫.૯૬** | ૯.૦૭ | ૭.૨૫ | ૭.૮૩ | ૯.૭૮ |
| ૫ | જમીન વિકાસ | ૩૩૭૮૪૪ | ૨૫૭૪૫૨ | ૩૦૩૫૭૦ | ૩૧૨૮૬૮ | ૧૨૧૧૭૩૪ |
| | | **૧૧.૧૫** | ૯.૯૩ | ૭.૯૪ | ૮.૫ | ૯.૨૩ |
| ૬ | વનીકરણઅને વૃક્ષારોપણ | ૩૦૧૯૨૯ | ૧૭૦૨૨૮ | ૧૬૪૨૬૦ | ૨૭૭૫૫૩ | ૯૧૩૯૭૦ |
| | | **૯.૯૭** | ૬.૫૭ | ૪.૨૯ | ૭.૫૪ | ૬.૯૬ |
| ૭ | મધ્યમ અને લઘુ સિંચાઈ માટે નહેરો | ૨૨૩૧૪૩ | ૧૭૬૯૬૫ | ૧૦૦૧૩૪ | ૧૧૭૭૨૪ | ૬૧૭૯૬૬ |
| | | **૭.૩૭** | ૬.૮૩ | ૨.૬૨ | ૩.૨ | ૪.૭૧ |
| ૮ | હયાતજળાશયોનું નવનીકરણ | ૧૮૨૧૭૧ | ૧૦૮૦૮૩ | ૧૪૦૭૦૩ | ૧૫૭૬૨૮ | ૫૮૮૫૮૫ |
| | | **૬.૦૧** | ૪.૧૭ | ૩.૬૮ | ૪.૨૮ | ૪.૪૮ |
| ૯ | પુર નિયંત્રણ | ૧૧૯૩૨૧ | ૯૩૦૫૯ | ૮૭૩૩૯ | ૧૦૮૪૩૬ | ૪૦૮૧૫૫ |
| | | **૩.૯૪** | ૩.૫૯ | ૨.૨૮ | ૨.૯૪ | ૩.૧૧ |
| ૧૦ | અન્ય કામો | ૭૮૮૪૫ | ૬૧૮૦૪ | ૭૫૨૦૨ | ૯૬૪૩૧ | ૩૧૨૨૮૨ |
| | | ૨.૬ | ૨.૩૮ | ૧.૯૭ | ૨.૬૨ | ૨.૩૮ |
| ૧૧ | ગ્રામ્ય પેયજલ | ૬૪૬ | ૨૭૦૧ | ૪૮૮૪ | ૧૨૦૪૭ | ૨૦૨૭૮ |
| | | ૦.૦૨ | ૦.૧ | ૦.૧૩ | **૦.૩૩** | ૦.૧૫ |
| ૧૨ | રાજીવગાંધી સેવા કેન્દ્ર | ૪૨૪૧ | ૩૫૪૪ | ૩૩૦૭ | ૪૯૦૮ | ૧૬૦૦૦ |
| | | ૦.૧૪ | ૦.૧૪ | ૦.૦૯ | ૦.૧૩ | ૦.૧૨ |
| ૧૩ | મત્સ્ય ઉછેર | ૧૮૯૩ | ૩૭૭૧ | ૫૧૧૯ | ૪૯૪૫ | ૧૫૭૨૮ |
| | | ૦.૦૬ | ૦.૧૫ | ૦.૧૩ | ૦.૧૩ | ૦.૧૨ |
| ૧૪ | દરિયાઈ વિસ્તારનાં કામો | ૩૦ | ૧૨૨ | ૨૬૭ | ૨૫૯ | ૬૭૮ |
| | | ૦ | ૦ | ૦.૦૧ | ૦.૦૧ | ૦.૦૧ |
| કુલ કામો | | ૩૦૨૯૬૬૮ | ૨૫૯૨૧૫૧ | ૩૮૨૪૯૯૦ | ૩૬૮૨૬૩૮ | ૧૩૧૨૯૪૪૭ |
| | | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |

સ્રોત:-સંશોધક દ્વારા મેળવેલ ગૌણ માહિતી ની ગણતરી પર આધારીત

**નિષ્કર્ષ:-**

આઝાદી બાદ વર્ષ ૧૯૭૦ થી ૨૦૦૪ સુધીમાં અમલીકરણ કરવામાં આવેલ જુદી જુદી વેતન યુક્ત રોજગારીની યોજનાઓનો મુખ્ય ધ્યેય રોજગારીની સાથે સાથે ગ્રામીણ કક્ષાએ કુદરતી સંસાધનોના તેમજ કૃષિ સલંગ્ન કામો થાય જેથી જળ અને જમીનની જાળવણી થકી પાક ઉત્પાદકતા વધારી શકાય સાથે સાથે પશુપાલન અને અન્ય ગૌણ વ્યવસાય થકી ગ્રામીણ સ્તેરે ટકાઉ આર્થિક સમૃદ્ધિ લાવી ગરીબી મુક્ત ભારત નું નિર્માણ કરવાનો હતો.આ બધી યોજનાઓ જે તે ભૌગોલિક પરીસ્થિતિ અને અમલીકરણ પદ્ધતિનાં આધારે કયાંક સફળ તો ક્યાંક મહદ્ અંશે સફળ રહી પરંતુ જે તે યોજનાઓમાં નિર્ધારિત થયેલ ચોક્કસ હેતુઓને સપૂર્ણ પરિપૂર્ણ કરી શકી નહિ.અગાઉની બધીજ યોજનાઓના અમલીકરણ અને પરિણામોનો આધાર લઈ મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર અધિનિયમ -૨૦૦૫ ને કાયદાકીય સ્વરૂપે અમલીકૃત કરવામાં આવ્યો છે.આજે ગ્રામીણ વિકાસના કુલ બજેટ પૈકી ૫૦% બજેટની ફાળવણી આ યોજના અંર્તગત કરવામાં આવે છે.ગ્રામીણ શ્રમિકોને સ્થાનિક સ્તરે રોજગારી ની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં વ્યક્તિગત કે સામુદાયિક લોકોપયોગી મિલ્કોતોનું નિર્માણ,જળસ્તર ઉચા લાવવા તથા પર્યાવરણની જાળવણી કરવામાં મદદ મળે તેવા કામોનું આયોજન સ્થાનિક સ્તરે થાય તે કાયદાનો મુખ્ય હેતુ છે પરંતુ વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ દરમ્યાન રાષ્ટ્રીય સ્તરે યોજના અંતગર્ત આયોજિત કુલ કામો પૈકી ફક્ત ૩૧% કામો પૂર્ણ કરવામાં આવેલ છે એટલે કે ૬૯% કામોનું આયોજન જે તે સ્થાનિક સ્તેરે સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવ્યું હોવા છતાં અમલીકરણ એજન્સીઓ કામો પૂર્ણ કરી શકી નથી અથવા તો કામો શરુ કરવામાં આવેલ નથી જેથી કહી શકાય કે યોજનાની માર્ગદર્શિકામાં નક્કી કરેલ આયોજન અને અમલીકરણ પદ્ધતિમાં બદલાવ કરવાની જરૂર જણાય છે.વર્ષ ૨૦૧૬ બાદ પંચાયત સ્તરે થયેલ દરેક કામોને GEO TAG થી અંકિત કરવામાં આવેલ છે જેથી આવનાર સમયમાં કામોનું ડુપ્લિકેશન અટકાવી .

આ કાયદાના હાર્દ સમાન ગણાતું શ્રમિક અંદાજ પત્રક પણ ઓછા કામ પૂર્ણતાના દર માટે જવાબદાર ગણી શકાય કારણ કે કાયદાની જોગવાઈ મુજબ શ્રમિક કુટુંબને ૧૦૦ દિવસ રોજગારી આપવી અમલીકરણ સંસ્થાની જવાબદારી છે જેથી પંચાયત સ્તેર કુલ કાર્યરત જોબકાર્ડનાં સંદર્ભમાં કુલ માનવશ્રમદિનની ગણતરી કરી પંચાયત,તાલુકા,જીલ્લા અને રાજ્ય સ્તેર કામ કરતી અમલીકરણ સંસ્થાઓ કુલ કામો અને માનવશ્રમદિન આધારીત શ્રમિક અંદાજપત્રક તૈયાર કરતી હોય છે પરતું સ્થાનિક સ્તરે શ્રમિકો દ્વારા જો કામની માંગણી કરવામાં ન આવે કે પછી અમલીકરણ સંસ્થાઓ દ્વારા સમયસર કામની શરૂઆત કરવામાં ન આવે તો શ્રમિકો અન્ય અસંગઠીત ક્ષેત્રોમાં જ્યાં સીઝનલ વેતનદર વધુ હોય તેવી જગ્યાએ સહકુટુંબ સ્થળાંતરીત કરી રોજગારી મેળવવાનો પ્રયત્ન કરતાં હોય છે જેથી જે તે સ્તેર આયોજિત કામો પૂર્ણ થતા નથી જો શ્રમિક કુટુંબોનાં સમાજિક તેમજ આર્થિક પાસાઓને ધ્યાને લઈ જોબકાર્ડ રીન્યુલ પ્રક્રિયાનો ચોક્કસ સમયગાળો પંચાયત દ્વારા નક્કી કરવામાં આવે તેમજ જોબકાર્ડ સાથે જોડાયેલ શ્રમિક કુટુંબોનાં આર્થિક દરજ્જાની વિગતો દરેક પંચાયત પાસે રાખવામાં આવે તે ખુબજ જરૂરી છે.ગામમાં રહેતા ગરીબ કે અતિ ગરીબ લોકો માટે કાયદામાં નિર્ધારિત કરેલ ૧૦૦

દિવસ ની રોજગારી તેમને જ મળે અને જે તે નાણાંકીય વર્ષમાં આ રોજગારીનાં દિવસોનો ઉપયોગ (માંગણી) ગરીબ કે અતિ ગરીબ કુટુંબ ન કરે તો તે પછીના નાણાંકીય વર્ષમાં કાયદાકીય રીતે મળતા ૧૦૦ દિવસ ઉપરાંત પાછલા વર્ષના બાકી રહેલ રોજગારીનાં દિવસો ઉમેરી ચાલુ નાણાંકીય વર્ષમાં કુલ રોજગારીનાં દિવસોની માંગણી પંચાયત સ્તરે નક્કી થયેલ ગરીબ કે અતિ ગરીબ કુટુંબો કરી શકે તે મુજબના હક્કો માટેના જોગવાઈની જરૂર છે.આ પ્રક્રિયાને દર ત્રણ વર્ષે જે તે અમલીકરણ સંસ્થાઓ દ્વારા અમલ થવો જોઈએ.આ ત્રણ વર્ષ દરમ્યાન શ્રમિક કુટુંબે કરેલ કામની માંગણી અને મેળવેલ રોજગારનાં પ્રમાણમાં ફરીથી પંચાયત શ્રમિક કુટુંબોનો આર્થિક દરજ્જાની સ્થિતિ નક્કી કરી જોબકાર્ડ રીન્યુલ પ્રક્રિયા તેમજ રોજગારીના દિવસોની નવેસર થી ફાળવણી કરી શકે છે.

યોજનાની અસરકારતા ભારતનાં જે તે પ્રાદેશિક વિસ્તારમાં સમાવિષ્ટ રાજ્યોના વિકાસ/સમૃદ્ધિ પર આધારિત હોય છે.અભ્યાસ અંતર્ગત જોવા મળેલ છે કે દરેક પ્રાદેશિક વિસ્તારોના પૂર્ણ થયેલ કુલ કામો પૈકી ૫૦% કે તેનાથી વધુ કામો ફક્ત એક અથવા બે રાજ્યોમાં થયેલ છે જયારે તે જ વિસ્તારમાં આવેલ અન્ય રાજ્યોમાં કામ પૂર્ણતાનો દર ઓછો જાણવા મળે છે. દક્ષિણ ભારતમાં થયેલ કુલ કામો પૈકી ૬૦% કામો આન્ધ્રપ્રદેશ અને કર્ણાટક રાજ્યમાં થયેલ છે તેવી જ રીતે ઉત્તર ભારતમાં થયેલ કુલ કામો પૈકી ૭૫% કામો ઉત્તર પ્રદેશ રાજ્યમાં થયેલ છે જયારે પૂર્વ ભારતના કુલ પૂર્ણ થયેલ કામો પૈકી ૪૯% કામો ફક્ત પશ્ચિમબંગાળ રાજ્યમાં થયેલ છે.મધ્ય અને પશ્ચિમ ભારતમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન રાજ્યોમાં કામ પૂર્ણતાનો દર વધારે છે.યોજના અંર્તગત પૂર્ણ થયેલ કામોમાં પ્રાદેશિક સ્તેર ઘણી અસમાનતા જોવા મળે છે જો આ પ્રકારનું વિશ્લેષણ રાજ્યોમાં સમાવિષ્ટ જીલ્લા,જીલ્લામાં સમાવિષ્ટ તાલુકાઓ અને તાલુકાઓમાં સમાવિષ્ટ પંચાયત સ્તેરે કરવામાં આવે તો એકજ વિસ્તારમાં સમાવિષ્ટ સમરૂપ અમલીકરણ એજન્સીઓની આયોજન અને અમલીકરણ પદ્ધતિ,લોકજાગૃતિ, લોકોની ભાગીદારી અંગે ઘણી અસમાનતા જાણવા મળી શકે? એક સરખા કાયદાકીય સ્વરૂપે અમલીકરણ થતી યોજનાનાં એકજ વિસ્તારમાં યોજનાકીય પરિણામોમાં જો વધારે અસમાનતા જોવા મળે તો કાયદાને જે તે ભૌગોલિક પરીસ્થિતિ પ્રમાણે જરૂરિયાત વિસ્તાર અને જરૂરિયાતમંદ શ્રમિક કુટુંબો પુરતો કાયદો ઘડી મનરેગા કાયદાને નવું સ્વરૂપ આપી શકાય.

આ યોજના અંર્તગત કુદરતી સંસાધનોની સાથે પર્યાવરણને જાણવી શકાય તેવા ગ્રામીણ કક્ષાએ વધુમાં વધુ સામુદાયિક કામો શક્ય છે પરંતુ વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ દરમ્યાન રાષ્ટ્રીય સ્તરે પૂર્ણ થયેલ કામોમાં વ્યક્તિગત કામો વધારે થયેલા હોવાનું જાણવા મળે છે જો યોજના અંતર્ગત રાષ્ટ્રીય સ્તરે ચોક્કસ થીમ આધારિત બે થી ત્રણ પ્રકારના કામો ત્રણ વર્ષનાં સમયગાળા સાથે દરેક ગ્રામ પંચાયત દ્વારા અમલીકરણ કરવામાં આવે તો લાંબા ગાળે યોજના અંતર્ગત થયેલ કામોના ટકાઉ અને સારા પરિણામો મળવાની સંભાવનાઓ ખુબજ વધી જશે.હાલના તબક્કે યોજના અંતર્ગત પૂર્ણ થયેલ સઘળા કામોના એકમ (યુનિટ) તેમજ થયેલ કુલ નાણાંકીય વપરાશ અને રોજગારીનું સર્જન (માનવ દળ અને માનવશ્રમદિન) નો

ત્રિપરીમાણીય અભ્યાસો થવો ખુબજ જરૂરી છે સાથે સાથે સ્થાનિક સ્તરે સહ સામાજિક ઓડીટ દ્વારા ગ્રામીણ કક્ષાએ યોજનાનો લાભ ક્યાં આર્થિક વર્ગના લોકો વધુ લઈ રહ્યા છે તે જાણવું ખુબજ રસપ્રદ બની રહશે કારણ કે શરૂઆતનાં વર્ષોમાં કાયદાને ખુબજ સફળ ગણાવી આજ દિન સુધી અમલીકરણ કરવામાં આવી રહ્યો છે પરંતુ ૧૦ થી ૧૨ વર્ષોનાં સમયગાળાને ધ્યાનમાં રાખીને જો દશક દરમ્યાન યોજના થકી થયેલ બદલાવનો અભ્યાસ કરવામાં આવે તો મનરેગા કાયદો સરેરાશ રીતે અગાઉ અમલીકૃત થયેલ યોજના જેટલો જ કદાચ સફળ થયેલ હોવાનું જોવા મળી રહેશે.તેમજ આ પ્રકારના અભ્યાસ થકી અને જનજાગૃતિ દ્વારા બંધારીય રીતે અમલીકૃત થતા અન્ય કાયદા મુજબ કદાચ મનરેગા કાયદાને પણ લોકો પોતાની સામાજિક અને આર્થિક પરીસ્થિતિ સુધારવા માટે બહોળા પ્રમાણમાં ઉપયોગ કરી શકે.

**સંદર્ભ સૂચી:-**


૧. ગ્રામીણ વિકાસ મંત્રાલય,ભારત સરકાર (૨૦૧૬-૧૭),માસ્ટર સરક્યુલર બૃહદપરિપત્ર.

૨. ગ્રામ પંચાયત ગાઈડબુક,ફેબ્રુઆરી (૨૦૧૧),પંચાયતી રાજ મત્રાલય અને ગ્રામિણ વિકાસ મંત્રાલય

૩. REPORT TO THE PEPLE, 2, February 2013. MAHATMA GANDHI NATIONAL RURAL EMPLOYMENT GUARANTEE ACT, 2005

૪. MGNREGA SAMEEKSHA (2006-2012), Ministry of Rural Development Government of India.

૫. Anjor Bhaskar, Amod Shah, and Sunil Gupat, CRORE GREEN JOBS? ASSESSING THE GREENNESS OF MGNREGA WORK. Summaries of ISLE 57.Conference Papers

૬. Ashok Pankaj Mondira Bhattacharya (2017), Socio-Economic Impacts of Category-B Assets Under MGNREGS Income and Livelihood Promotion Among Para-5 Beneficiaries, Council for Social Development Sangha Rachana 53, Lodhi Estate New Delhi – 110003

૭. https://www.nrega.nic.in/netnrega/home.aspx.